નં.જીઆઇડીસી/પોલીસી/પોસ્ટ-વિતરણ/૨૬
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૯.૧૨.૨૦૨૫

## // સ્પષ્ટતા પરિપત્ર //

**વિષય: નિગમની વસાહતોમાં વાણિજ્ય/ રહેણાંક મિલ્કતની કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં તબદીલી બાદ નવા સભ્યો ઉમેરવા તથા શોપ/યુનિટની સંખ્યામાં થતા વધારા બાબત.**

સંદર્ભ: જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ-વિતરણ/૨૦ તા. ૧૭/૧૦/૨૦૨૫.

નિગમની વસાહતોમાં રહેણાંક અને વાણિજ્ય પ્લોટની કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં આપવામાં આવેલ મંજુરી બાદ સોસાયટીમાં નવા સભ્યો ઉમેરવા સાથે તબદીલી ફી વસુલવા તથા શોપ/યુનિટની સંખ્યામાં થતા વધારા અંગેની જોગવાઇઓ બાબતે નિગમ દ્વારા વખતોવખત પરિપત્ર અમલમાં મુકવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઇના સંદર્ભમાં અનુભવે ધ્યાને આવેલ છે કે, રહેણાંક/વાણિજ્ય પ્લોટની કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં આપવામાં આવેલ મંજુરી વખતે સભ્યોની સંખ્યા ધ્યાને લેવામાં આવેલ હોય અને તત્કાલીન સમયમાં જે-તે પ્લોટમાં શોપ/યુનિટની સંખ્યા સાથેના બાંધકામના નકશા મંજુર થયેલ હોય તો તેની સરખામણીએ નવા સભ્યોનો ઉમેરો/વધારો ગણવાના સ્થાને શોપ/યુનિટની સંખ્યામાં થતા વધારા તરીકે ગણીને ક્ષેત્રીય કચેરી દ્વારા વડી કચેરીએ દરખાસ્ત રજુ કરવામાં આવતી હોય છે. આથી, આ પ્રકારના કિસ્સાઓમાં હયાત અમલિત નીતિની જોગવાઈ યથાવત રાખવા સાથે વધુ સ્પષ્ટતાની જરૂરિયાત જણાતી હોઈ સદર પરિપત્ર અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

"નિગમ દ્વારા કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં આપવામાં આવેલ મંજુરી સમયમાં રેકર્ડ આધારિત સભ્યોની સંખ્યા અને શોપ/યુનિટની સંખ્યાની સરખામણીએ પછીના સમયગાળામાં જે-તે પ્લોટ ઉપર મંજુર થયેલ રીવાઈઝડ બાંધકામના નકશા આધારિત શોપ/યુનિટની સંખ્યામાં વધારો થતો હોય તો તેવા કિસ્સામાં જ નિર્ણય અર્થે દરખાસ્ત વડી કચેરીએ મોકલી આપવાની રહેશે, જયારે તેના સિવાયના કિસ્સાઓ એટલે કે કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં આપવામાં આવેલ મંજુરી બાદના સમયગાળામાં શોપ/યુનિટની સંખ્યામાં કોઈ ફેરફાર થતો ન હોય અને ફક્ત સભ્યોમાં જ ફેરફાર/વધારો થતો હોય તો તેવા કિસ્સામાં ક્ષેત્રીય કચેરી સ્તરેથી જ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે."

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

**પ્રતિ,**
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ રવાના :**
૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧)(એસએન્ડએ),જીઆઇડીસી,ગાંધીનગર...તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારુ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યુ,

HC

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)